بسم اللہ الرحمن الرحیم

# સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.27-10-2017 સ્થળ: બૈતુલ ફુતુહ, લંડન

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે ફરમાવ્યું:

અલ્લાહ તઆલા મોમિનોને ફરમાવે છે કે તમારી દ્રષ્ટિનું કેન્દ્ર હંમેશા ફસ્તબિકુલ ખૈરાત હોવું જોઈએ. અર્થાત તમે નેકીમાં હંમેશા એક બીજાથી આગળ વધવાનો પ્રયાસ કરો. અલ્લાહ તઆલાએ નેકીઓ કરનાર અને નેક કાર્ય કરનારને સારા લોકો ગણાવ્યા છે. જેવું કે ફરમાવ્યું કે ખરેખર તે લોકો જે ઈમાન લાવ્યા અને નેક કાર્યો કર્યા તે જ સારા લોકો છે. હઝરત મસીહ મૌઉદ અ.સ. તેની સ્પષ્ટતા કરતા એક સ્થાને ફરમાવે છે કે મનુષ્યએ પોતાની ફરજો પુરી કરવી જોઈએ અને સારા કાર્યોમાં પ્રગતિ કરે. આમ સદ કર્મોમાં ઉન્નતિ કરવું, નેક કાર્ય કરવા, નેકીઓ કરવી જ એક મુસલમાનને, એક મોમિનને વાસ્તવિક મોમિન બનાવે છે તથા તેના માટે હંમેશા પ્રયાસ કરવો જોઈએ.

હુઝુરે ફરમાવ્યું કે અત્યારે હું હઝરત મસીહ મૌઉદ અ.સ.ના અમુક ઉદ્ધરણ રજૂ કરીશ. આ વાતને સ્પષ્ટ કરતા કે નેકી શું છે અને આ પણ કે પ્રત્યક્ષતઃ એક નાનામાં નાની નેકી અલ્લાહ તઆલાની પ્રસન્નતાનો અધિકારી બનાવી દે છે, આપ ફરમાવે છે કે નેકી એક સીઢી છે ઈસ્લામ અને ખુદા તરફ જવાની, પરંતુ યાદ રાખો શૈતાન પ્રત્યેક માર્ગમાં લોકોને લૂટે છે તથા તેમને સત્ય માર્ગથી ભટકાવે છે દા.ત. અલ્લાહ તઆલા ફરમાવે છે કે આ પણ જ્ઞાત રહે કે તઆમ કહે છે રૂચિ પૂર્ણ ભોજનને. ભોજન સામે પડયો છે અને જો કોઈ માંગનાર આવે છે તથા તેને આપી દેતા તો આ નેકી છે, ન આ નેકી કે સારૂ હું તો તાજુ ભોજન કરુ છું તથા ઘર વાળાઓને કહી દીધું કે કાલનું વધેલું ભોજન તેને આપી દો. અને જો આટલી ગહેરાઈ સુધી મનુષ્ય જાય તો તે વાસ્તવિક નેકીને પ્રાપ્ત કરી શકે છે. આમ વાસ્તવિક નેકી પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવો જોઈએ તથા આ નેકી કેવી રીતે પૈદા થાય છે આ નેકી ખુદા તઆલા પર સંપૂર્ણ ઈમાન વિના પ્રાપ્ત નથી થઈ શકતી. આથી તેની વ્યાખ્યા કરતા એક સ્થાને આપ ફરમાવે છે કે વાસ્તવિક નેકી માટે આ જરૂરી છે કે ખુદાના અસ્તિત્વ પર ઈમાન હોય અને ઈમાન હોય કે અલ્લાહ તઆલની પ્રત્યેક વસ્તું પર નજર છે અને આ ઈમાન હોવું જોઈએ કે અલ્લાહ તઆલાને પ્રત્યેક વાતની ખબર છે. ઘણી વાર મનુષ્ય છુપાઈને કામ કરે છે અને તેને માલુમ છે કે કોઈ તેને નથી જોતું માટે ભય પણ નથી તથા ભય ન હોવાના કારણે તે અનુચિત કામ કરી જાય છે. અલ્લાહ તઆલા સિવાય, તેને માલૂમ છે પ્રત્યેક વાત, માટે જો વાસ્તવિક નેકી કરવી છે તો અલ્લાહ તઆલા પર ઈમાન ખુબ જરૂરી છે.

પછી વાસ્તવિક નેકી વિશે આપ ફરમાવે છે કે તકવાનો અર્થ છે બૂરાઈની સૂક્ષ્મ રાહોથી બચવું પરંતુ યાદ રાખો નેકી એટલી જ નથી કે એક વ્યકિત કહે કે હું નેક છું એટલા માટે કે મેં કોઈનો માલ નથી લીધો, ચોરી નથી કરી, અધિકારોનું હનન નથી કર્યુ, અનુચિત રીતે કમાઈ નથી કરી, તો આ કોઈ નેકી નથી. તેવી નેકી આરિકની નજરમાં હંસીને યોગ્ય છે જો તે બૂરાઈઓ કરે અને ચોરી કરે તો તે સજા મેળવશે. અસલમાં નેકી આ છે કે માનવ જાતિની સેવા કરે તથા અલ્લાહ તઆલાની રાહમાં સંપૂર્ણ સત્ય અને વફાદારી દેખાડે તથા

તેના માટે જીવ આપવા માટે તૈયાર હોય. જેથી ફરમાવ્યું કે અલ્લાહ તઆલા તેમની સાથે છે જે બૂરાઈઓથી બચે છે અને સાથે નેકીઓ પણ કરે છે.

ફરમાવ્યું કે અલ્લાહ તઆલાની નજરમાં ઈસ્લામ એવી વસ્તુંનુ નામ નથી કે ખરાબ કામથી જ બચે બલ્કે જ્યાં સુધી બૂરાઈ છોડીને નેકી ન કરે તે આ આધ્યાત્મિક જીવનમાં જીવિત નથી રહી શકતો. ઈસ્લામની તાલીમનો અર્થ આ છે કે પોતાની રૂહાનિયતમાં વૃદ્ધિ કરો, પોતાના આધ્યાત્મિક જીવનને સુંદર બનાવો જો ફકત બૂરાઈ છોડી દીધી તો રૂહાની જીવન સુંદર ન થઈ શકે. બુરાઈ છોડીને નેકી ગ્રહણ કરવી જરૂરી છે. ફરમાવ્યું કે નેકીઓ આહારની સમાન છે જે રીતે કોઈ વ્યકિત ભોજન વગર જીવિત નથી રહી શકતો તેવી જ રીતે જ્યાં સુધી નેકી ગ્રહણ ન કરે તો કંઈ નથી. અને આ અવસ્થા ઈમાનમાં વધવાથી પ્રાપ્ત થાય છે. ખુદા તઆલા પર ઈમાન કેવો કોવો જોઈએ. આ સ્તર ત્યારે પ્રાપ્ત થાય છે જ્યારે ઈન્સાનની પ્રત્યક્ષ સ્થિતિ સમાન હોય, કેવળ જાહેરી ઈમાન ન હોય. બલ્કે જે રીતે આ વિશ્વાસ છે કે એક વિષ હાનિ કારક છે ઈન્સાન તેનાથી મૃત્યું પામી શકે છે તેવી જ રીતે આ વિશ્વાસ હોવો જોઈએ કે અલ્લાહ તઆલાની ઝાત પર કે જો હું બુરાઈઓ કરીશ તો અલ્લાહ તઆલા મને દરેક સમયે જોઈ રહયો છે, મને સજા મળશે.

ઈમાનમાં સુદ્રઢ હોવાની અધિક વ્યાખ્યા કરતા આપ ફરમાવે છે કે નિઃ સંદેહ સમજો કે પ્રત્યેક સતકર્મ તથા નેકીનું મૂળ અલ્લાહ તઆલા પર ઈમાન લાવવું છે. જેટલું ઈન્સાનનું અલ્લાહ તઆલા પર ઈમાન દુર્બળ હોય છે તેટલું જ સતકર્મોમાં દુર્બળતા અને આળસ જોવા મળે છે પરંતુ જ્યારે ઈમાન બળવાન હોય તથા અલ્લાહ તઆલાને તેના તમામ ગુણો સમેત સ્વીકાર કરી લેવામાં આવે તેના અનુકૂળ જ વિચિત્ર બદલાવ ઈન્સાનના કર્મોમાં પૈદા થઈ જાય છે. ઈન્સાન આ વિશ્વાસ કરી લે કે અલ્લાહ તઆલા સર્વ શકિતમાન છે, પરોક્ષને જાણનાર છે અને પ્રત્યેક સ્થાને મને જોઈ રહ્યો છે તો પછી એક વિચિત્ર પ્રકારનો બદલાવ ઈન્સાનના કર્મોમાં પૈદા થઈ જાય છે. અલ્લાહ તઆલા પર ઈમાન રાખનાર પાપ કરવાનું સામર્થ્ય નથી રાખી શકતો, આ નથી થઈ શકતું કેમકે આ ઈમાન તેની વિકૃત આત્મા તથા પાપના અંગોને કાપી નાખે છે. જુઓ જો કોઈની આંખો કાઢી લેવામાં આવે તો આંખાની બૂરાઈને કેવી રીતે કરી શકે છે તથા આંખો દ્વારા પાપ કેવી રીતે કરી શકે અને જો તેના હાથ કાપી નાખવામાં આવે તો તે ગુનાહ જે તે અંગોથી થાય છે કેવી રીતે કરી શકે છે. તેવી જ રીતે જ્યારે એક ઈન્સાન સંતુષ્ટ આત્માની અવસ્થામાં હોય છે તો સંતુષ્ટ આત્મા તેને આધળો કરી દે છે તથા તેની આંખોમાં પાપની ક્ષમતા નથી રહેતી, તે જુએ છે પણ નથી જોતો.

તેની આત્માની તમામ વાસનાની શકિતઓ તથા ભીતરી અંગ કાપી નાખવામાં આવે છે તેની તમામ શકિતઓ પર જેના દ્વારા પાપ થઈ શકે છે એક મૃત અવસ્થા ઘટિત થઈ જાય છે તથા તે એક પૂર્ણ મૃતની જેમ હોય છે અને અલ્લાહ તઆલાના જ વિધાનને આધિન હોય છે, તે તેના વગર એક કદમ પણ નથી ઉઠાવી શકતો.

હુઝુર અનવરે ફરમાવ્યું કે આ લક્ષ્ય છે આપણો, આ આપણે સામે રાખવો જોઈએ પ્રત્યેક પ્રકારની ગંદકીને આપણા મસ્તિષ્કથી, પોતાની આંખોથી, પોતાના કાનોથી કાઢવા પણ છે અને સાંભળવાથી બચવું પણ છે અને આપણી જમાઅતને તેની જરૂર પણ છે. તથા સંપૂર્ણ સંતુષ્ટિને પ્રાપ્ત કરવા માટે ઈમાનની આવશ્યકતા છે. આપણી જમાઅતનું પ્રથમ દાયિત્વ છે કે તે અલ્લાહ તઆલા પર સાચો ઈમાન પ્રાપ્ત કરે. પછી નેકીઓના પહેલૂને સ્પષ્ટ કરતા આપે ફરમાવ્યું કે ઈન્સાન માટે બે વાતો અનિવાર્ય છે, બદીથી બચે

અને નેકી તરફ દોડે તથા નેકીના બે પહેલૂ છે એક બૂરાઈનો ત્યાગ અને બીજુ સારા કર્મો. બૂરાઈને ત્યગવું નેકીનો એક પહેલૂ છે અને બીજો પહેલૂ છે નેકી કરવી. ફકત બૂરાઈના ત્યાગથી ઈન્સાન સંપૂર્ણ નથી બની શકતો, અલ્લાહ તઆલાના ગુણોને જાણવા માટે ઈન્સાને હંમેશા કુરઆન શરીફ પઢવું જોઈએ. તેના આદેશોનું પાઠ કરતા રહેવું જોઈએ.

પછી અલ્લાહ તઆલા પર સંપૂર્ણ ઈમાન બાદ શારીરિક બુરાઈઓથી બચવા વિશે આપ વ્યાખ્યા કરતા ફરમાવે છે કે બદીઓથી બચવાનો ચરણ ત્યારે પૂર્ણ થાય છે જ્યારે અલ્લાહ પર ઈમાન હોય પછી બીજો ચરણ આ હોવો જોઈએ કે તે માર્ગોને શોધે જે ખુદા તઆલાના નેક બંદાઓએ ગ્રહણ કર્યા, તેને ગ્રહણ કરો. તે માર્ગોની ખબર આ રીતે થાય છે કે ઈન્સાન માલૂમ કરે કે ખુદા તઆલાએ તેની સાથે કેવો વ્યવહાર કર્યો. પ્રથમ ચરણ બદીઓથી બચવાનો તો ખુદા તઆલાની પ્રતાપી વિશેષતાના પ્રકાશથી પ્રાપ્ત થાય છે કે તે કુકર્મોનો શત્રુ છે. પોતાની નિકટ વર્તિઓના દુશ્મનોનો વિનાશ કરે છે તથા બીજો ચરણ ખુદા તઆલાના સુંદર પ્રકાશથી મળે છે અને અંતિમ આ કે જ્યાં સુધી અલ્લાહ તઆલા તરફથી શકિત તથા સામર્થ્ય ન મળે જેને ઈસ્લામી શ્બ્દાવલી અનુસાર રૂહુલ કુદદુસ કહીએ છીએ, કાંઈ નથી થતું. આ એક શકિત હોય છે જે ખુદા તઆલા તરફથી મળે છે. તેના અવતરણ સાથે જ દિલમાં એક પ્રકારની સંતુષ્ટિ પ્રાપ્ત થાય છે અને પ્રકૃતિમાં નેકીઓની સાથે પ્રેમ તથા સ્નેહ પૈદા થઈ જાય છે પછી તે સુંદરતા જે નેકીઓમાં વિધમાન છે તેમને જોવા મળે છે. અને તે અનિયંત્રિત થઈ તેની તરફ દૌડે છે. બૂરાઈના વિચારથી પણ તેની આત્મા કાંપી જાય છે તે સમયે નવા નવા પ્રકાશ તેને મળે છે. ઈન્સાન ફકત આ વાત પર જ ગૌરવ ન કરે તથા પોતાની ઉન્નતિની ચરમ સીમા તેને જ ન સમજી લે કે કયારક કયારેક તેમની અંદર શકિત પૈદા થઈ જાય છે. આ કોઈ વાત નથી કે કયારેક કયારેક નમાઝમાં રડી લીધું, આદ્રતા આવી ગઈ, દિલ નરમ થઈ ગયો, તેને જ ચરમ સીમા ન સમજો પોતાની ઉન્નતિની, કે આ આદ્રતા અસ્થાઈ હોય છે.

આધ્યાત્મિક પ્રગતિ ત્યારે જ છે જ્યારે બદીઓથી સંપૂર્ણ પણે ઈન્સાન બચે તથા નેકીઓને સંપૂર્ણ રીતે અલ્લાહ તઆલાની પ્રસન્નતા માટે ધારણ કરે. પછી નેકીઓની પ્રાપ્તિની વ્યાખ્યા આપે ફરમાવી કે પહેલા બે પહેલૂ હતા, બદીને છોડવું તથા નેકી કરવી. હવે તેના બે ભાગ છે એક ફર્જ અને બીજુ નફલ. ફર્જ અર્થાત જે ઈન્સાનનું કર્તવ્ય નિર્ધારિત કરેલ હોય જેવું કે ઋણ ચુકવવું. ફર્જ સિવાય પ્રત્યેક નેકી સાથે નફલ હોય છે અર્થાત એવી નેકી જે આ હક થી અધિક હોય. જેવું કે અહેસાનના બદલે અહેસાન સિવાય અધિક ઉપકાર કરવું આ નફલ છે. કોઈએ ઉપકાર કર્યો તેના ઉપકારનો બદલો ઉતાર્યો બલ્કે તેનાથી અધિક ઉતાર્યો તો આ નફલ થઈ જશે. આ ફર્જની સંપૂર્ણતાના રૂપમાં છે. તેના દ્વારા ફર્જ સંપૂર્ણ હોય છે તથા પોતાની ચરમ સીમા સુધી પહોચે છે. ફરમાવ્યું કે આ હદીસમાં બયાન છે કે આપ ફરમાવે છે કે અલ્લાહ તઆલાના વલીઓના દીની કર્તવ્યોની સંપૂર્ણતા નફલો દ્વારા થાય છે. દા.ત. જકાત સમેત અધિક દાન પણ કરે છે, અલ્લાહ તઆલા તેવા લોકોનો વલી બની જાય છે.

ફરમાવ્યું કે મને એક સહાબીની વાત યાદ આવી કે તેણે કહ્યું કે યા રસૂલુલ્લાહ સ.અ.વ. મેં મારા કુફ્રના જમાનામાં ખુબ દાન કર્યો છે શું તેનો બદલો મને મળશે. આપ સ.અ.વ. એ ફરમાવ્યું તે જ દાન તારા ઈસ્લામમાં આવવાનું કારણ બન્યા છે. તે દાનનો જ બદલો તને મળ્યો છે જે તુ આજે મુસલમાન છે. પછી આ વાતને બયાન કરતા કે જાયઝ વસ્તુંને પણ સંતુલિત સીમાની અંદર રાખવી જોઈએ આ પણ એક નેકી

છે. આપ ફરમાવે છે કે નેકીનું મૂળ આ પણ છે કે દુનિયાનો સ્વાદ અને આનંદ જે જાયઝ છે તેને પણ સંતુલિત સીમાથી અધિક ન લો. જેવું કે ખાવું પીવું અલ્લાહ તઆલાએ વર્જિત તો નથી કર્યુ પરંતુ હવે આ ખાવા પીવાને એક વ્યકિતએ રાત દિવસનું કામ બનાવી લીધું છે. અલ્લાહ તઆલાએ સ્વાદ આપ્યો છે ખાવા પીવામાં, માટે કે તેના દ્વારા શકિત મળે ઈન્સાનને અને ઈન્સાન અલ્લાહ તઅલાના જે ફર્જ છે તે પણ અદા કરી શકે. એક વાર હઝરત મસીહ મૌઉદ અ.સ.ની આલોચના કરતા કરતા કહ્યું કે હઝરત મસીહ મૌઉદ અ.સ. પુલાવ પણ ખાઈ લે છે. હઝરત ખલીફતુલ મસીહ અવ્વલએ કહ્યું કે મેં તો કયાંય નથી વાચ્યું ન કુરઆનમાં ન હદીસમાં કે સારૂ ભોજન કરવું નબીઓ પર જાયઝ નથી. ખાય છે તો શું થયું. આ જ સુન્નત પર આપણે ચાલવું જોઈએ જે આંહઝરત સ.અ.વ.એ આપણી સામે રજૂ કરી છે. આપે એક સહાબીને ફરમાવ્યું કે હું સારૂ ભોજન પણ કરૂ છું હું સારા કપડા પણ પહેરૂ છું મે લગ્ન પણ કર્યા છે મારી સંતાન પણ છે હું ઈબાદત પણ કરૂ છું ઉંઘું પણ છું આમ આ મારી સુન્નત છે જેના પર તમારે ચાલવું જોઈએ.

આપ ફરમાવે છે કે આપણી તાલીમ તો આ છે કે તમામ લોકો સાથે નેક વ્યવહાર કરો, સરકારી અધિકારીઓનું સાચી રીતે આજ્ઞાપાલન કરવું જોઈએ કેમકે તેઓ સુરક્ષા કરે છે. જાન માલ તેમના માધ્યમે અમનમાં છે અને સગા સંબંધીઓ સાથે નેક વ્યવહાર કરવો જોઈએ કેમકે સગા સંબંધીઓના પણ અધિકારો છે

નેકીઓ એવી હોય કે દિલમાં પ્રત્યેક સમયે નેકીઓનો વિચાર આવતો રહે. આપએ ફરમાવ્યું કે પ્રકૃતિક જોશથી માનવ જાતિની સહાનુભૂતિનું નામ ઈતાઇ ઝિલ કુરબા છે તથા આ ક્રમ અનુસાર અલ્લાહ તઆલાની આ ઈચ્છા છે કે જો તમે સંપૂર્ણ નેક બનવા માંગો છો તો પોતાની નેકીને ઈતાઇ ઝિલ કુરબા અર્થાત પ્રકૃતિક સ્તર સુધી પહોચાડો. જ્યાં સુધી કોઈ ભાવના પ્રગતિ કરતા કરતા કેન્દ્ર સુધી ન પહોચે ત્યાં સુધી તે સંપૂર્ણ સ્તર પ્રાપ્ત નથી કરતી.

ફરમાવ્યું કે યાદ રાખો ખુદા તઆલા નેકીને ખુબ પસંદ કરે છે અને તે ચાહે છે કે તેની સૃષ્ટિથી સહાનુભૂતિ કરવામાં આવે જો તે બૂરાઈને પસંદ કરતો તો બદીની પ્રેરણા આપતો પરંતુ અલ્લાહ તઆલાની શાનથી વિશુદ્ધ છે. સુબહાનહૂ વ તઆલા શાનુહૂ. અલ્લાહ તઆલાએ ફસ્તબિકુલ ખૈરાતનો જે લક્ષ્ય, જે ટારગેટ આપણા માટે સુનિશ્ચિત કર્યો છે તેને આપણ પ્રાપ્ત કરનાર બનીએ.

| Khulasa Khutba Jumma Huzoor Anwar 27 Octomber 2017 |
| --- |
| BOOK POST (Printed Matter)<br><br>To.......................................................................................................<br>.......................................................................................................<br>.......................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |